PDF-XChange Editor
Click to BUY NOW!
tracker-software.com

ફોન :-
પાટણ : ૨૩૦૦૫૮/૨૨૦૨૨૮
ફેક્સ : ૨૨૧૩૪૭
હારીજ : ૨૨૨૪૦૪
ઉંઝા : ૨૩૫૪૧૯
અમદાવાદ : ૪૦૨૩૨૧૯૨

ESTD DPT 1956

# ડી. પી. ઠક્કર એન્ડ કું.
# ડી. પી. ઠક્કર એન્ડ બ્રધર્સ

ટેક્ષ કન્સલટન્ટસ
'શ્રી કુંજ', સ્ટેશન રોડ, પાટણ.

બ્રાન્ચ : નીથી હોસ્પીટલ બિલ્ડીંગ, સ્ટેડીયમ કોમર્સ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૯

ભાઈશ્રી,

તા. ૨૧-૩-૨૦૧૨

આપણું હિસાબી વર્ષ તારીખ ૩૧-૩-૨૦૧૨ ના રોજ પૂરૂ થાય છે જે માટેનું એસેસમેન્ટ વર્ષ ૨૦૧૨-૧૩ છે એટલે હિસાબી વર્ષ પૂરૂ થતુ હોય ત્યારે ઇન્કમટેક્ષ કાયદાની જોગવાઈ પ્રમાણે અગત્યની બાબતો સમજવી અને તેનો અમલ કરવો જરૂરી છે.

(૧) <u>એડવાન્સટેક્ષ :-</u>

(૧) અંગત, HUF કે ભાગીદારી પેઢીને ચાલુ વર્ષની આવક ઉપર ભરવાપાત્ર ઇન્કમટેક્ષની જે રકમ થાય તેમાંથી તારીખ ૩૧-૩-૨૦૧૨ સુધીની આવક અંગે TDS ની જે રકમ થાય તે બાદ કર્યા પછી જેટ ભરવાનો ઇન્કમટેક્ષ જો રૂા. ૧૦,૦૦૦/- થી વધતો હોય તો એડવાન્સટેક્ષ ભરવો પડે.

(૨) આપણે બધા જૂની જોગવાઇથી સારી રીતે પરિચિત છીએ એટલે આ જોગવાઇનું પાલન કર્યુ હશે પરંતુ કોઇ કારણસર એડવાન્સટેક્ષ ભર્યો ના હોય અથવા ઓછો ભરાયો હોય તો તારીખ ૩૧-૩-૨૦૧૨ સુધી ભરી દેવો સલાહભર્યુ છે. નહીંતર એડવાન્સટેક્ષ ન ભરવા માટે કે ઓછો ભરવા માટે વ્યાજ લાગે.

(૨) <u>ઇન્કમટેક્ષના દર :-</u>

(૧) અંગત કે HUF ના કેસમાં વિમો, PPF વિગેરે બાદ કર્યા પછી જે આવક વધે તે કરપાત્ર આવક ગણાય.

(૨) ભાગીદારી પેઢીના કેસમાં ભાગીદારોની મૂડી ઉપર ૧૨% સુધી આપેલી વ્યાજની રકમ તથા નિયમ પ્રમાણે વર્કીંગ પાર્ટનર્સ ને આપેલો પગાર બાદ કર્યા પછી જે આવક વધે તે કરપાત્ર આવક ગણાય.

(૩) કરપાત્ર આવક ઉપર ઇન્કમટેક્ષના દર નીચે પ્રમાણે છે :-

| (૧) વ્યક્તિ/HUF ના કેસમાં | ટેક્ષનો દર | એજયુ. સેસ |
|---|---|---|
| (૧) શરૂઆતના રૂા. ૧,૮૦,૦૦૦ સુધી | માફી છે. | - |
| (૨) રૂા. ૧૮૦૦૦૧ થી રૂા. ૫૦૦૦૦૦ સુધી | ૧૦ % | ૩ % |
| (૩) રૂા. ૫૦૦૦૦૧ થી રૂા. ૮૦૦૦૦૦ સુધી | ૨૦ % | ૩ % |
| (૪) રૂા. ૮૦૦૦૦૧ થી વધુ | ૩૦ % | ૩ % |
| **(૨) ૬૦ વર્ષ સુધીના સ્ત્રીના કેસમાં** | | |
| (૧)પ્રથમ રૂા. ૧,૯૦,૦૦૦ સુધી | માફી છે. | - |
| (૨) રૂા. ૧૯૦૦૦૧ થી રૂા. ૫૦૦૦૦૦ સુધી | ૧૦ % | ૩ % |
| (૩) રૂા. ૫૦૦૦૦૧ થી રૂા. ૮૦૦૦૦૦ સુધી | ૨૦ % | ૩ % |
| (૪) રૂા. ૮૦૦૦૦૧ થી વધુ | ૩૦ % | ૩ % |
| **(૩) ૬૦ વર્ષ થી ૮૦ વર્ષ સુધીના પુરૂષ અને સ્ત્રીના કેસમાં** | | |
| (૧)પ્રથમ રૂા. ૨,૫૦,૦૦૦ સુધી | માફી છે. | - |
| (૨) રૂા. ૨૫૦૦૦૧ થી રૂા. ૫૦૦૦૦૦ સુધી | ૧૦ % | ૩ % |
| (૩) રૂા. ૫૦૦૦૦૧ થી રૂા. ૮૦૦૦૦૦ સુધી | ૨૦ % | ૩ % |
| (૪) રૂા. ૮૦૦૦૦૧ થી વધુ | ૩૦ % | ૩ % |

| (૪) ૮૦ વર્ષ થી ઉપરના પુરૂષ અને સ્ત્રીના કેસમાં | ટેક્ષનો દર | એજયુ. સેસ |
|---|---|---|
| (૧) પ્રથમ રૂા. ૫૦૦૦૦૦ સુધી | માફી છે. | - |
| (૨) રૂા. ૫૦૦૦૦૧ થી રૂા. ૮૦૦૦૦૦ સુધી | ૨૦ % | ૩ % |
| (૩) રૂા. ૮૦૦૦૦૧ થી વધુ | ૩૦ % | ૩ % |
| **(૫) ભાગીદારી પેઢી કે LLP** | | |
| (૧) કોઇ આવક માફ નથી | - | - |
| (૨) તમામ કરપાત્ર આવક ઉપર | ૩૦ % | ૩ % |
| (૩) LLP ના કેસમાં ઇન્કમટેક્ષ કાયદા પ્રમાણે બાદ મળવાપાત્ર રકમના કારણે નફાની રકમ ઓછી થતી હોયતો નફાની રકમ ઉપર ઓલ્ટરનેટ મીનીમમ ટેક્ષ (MAT) | ૧૮.૫ % | ૩ % |
| **(૬) પ્રાઇવેટ કે પબ્લીક લીમીટેડ કંપની** | | |
| (૧) કોઇ આવક માફ નથી | - | - |
| (૨) તમામ કરપાત્ર આવક ઉપર | ૩૦ % | ૩ % |
| (૩) MAT | ૧૮.૫ % | ૩ % |

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com



નોંધ :- કરપાત્ર આવક જો ૧ કરોડથી વધુ હોય તો ૫ % સરચાર્જ લાગશે એટલે એજ્યુ.સેસની ગણતરી ટેક્ષની રકમ + સરચાર્જ મળીને જે રકમ આવે તેના ઉપર થાય

(૩) **કુલ આવકમાંથી બાદ મલવાપાત્ર કપાતો :-**

(૧) અંગત સ્ત્રી કે પુરૂષના કેસમાં તથા HUF ના કેસમાં :

(૧) વિમો, PPF, બે બાળકો સુધીની સ્કુલ ફી, હાઉસીંગ લોનના ભરેલ હપ્તા ની રકમ વિગેરે મળીને રૂા.૧૦૦૦૦૦/- સુધી

(૨) ઈન્ફ્રાસ્ટ્રક્ચર બોન્ડમાં કરેલું રોકાણ રૂા. ૨૦૦૦૦/- સુધી

(૩) મેડીક્લેમ ભરતા હોય તો રૂા. ૧૫૦૦૦/- સુધી (સીનીયર સીટીઝન ને રૂા. ૨૦૦૦૦ સુધી)

(૪) ખોડખાંપણ માટે નિયમ પ્રમાણે રૂા. ૫૦૦૦૦/- કે રૂા. ૭૫૦૦૦/- સુધી

(૫) ઈન્કમટેક્ષ માફી સર્ટીફીકેટ ધરાવતી સંસ્થાને આપેલ દાનની રકમના ૫૦% રકમ બાદ મળે. (કુલ આવકની ૧૦% ની મર્યાદામાં)

(૨) ભાગીદારી પેઢીના કેસમાં

(૧) ભાગીદારોની મૂડી ઉપર ભાગીદારી દસ્તાવેજની જોગવાઇ પ્રમાણે વધુમાં વધુ ૧૨% સુધીનું વ્યાજ

(૨) ભાગીદારી દસ્તાવેજની જોગવાઇ પ્રમાણે વર્કીંગ પાર્ટનર્સને બુક પ્રોફીટમાંથી આપેલ પગાર

(૧) રૂા. ૧૫૦૦૦૦/- સુધી ૧૦૦%

(૨) રૂા ૩૦૦૦૦૦/- સુધી ૯૦%

(૩) બાકીની બધી રકમ ઉપર ૬૦%

(૪) બુક પ્રોફીટ રૂા. ૧૫૦૦૦૦/- થી વધુ થાયતો ૧૦૦% પગારની રકમ બાદ મળવાને બદલે ૯૦% રકમ બાદ મળે.

(૪) **કેપીટલ ગેઈન-મિલકતનો નફો (લોંગ ટર્મ) :-**

(૧) કંપનીના ઇક્વીટી શેરનું ખરીદ કર્યાના બાર મહિના પછી વેચાણ થાય અને આવા વેચાણ ઉપર જો S.T.T (સીક્યોરીટી ટ્રાન્ઝેક્શન ટેક્ષ) લાગેલ હોય તો જે નફો થાય તે લોંગ ટર્મ કેપીટલ ગેઈન તરીકે માફ છે.

(૨) લીસ્ટેડ કંપનીના શેર, મ્યુચ્યુઅલ ફંડના યુનીટસ કે અન્ય લીસ્ટેડ સીક્યોરીટીનું ખરીદ કર્યાના બાર મહિના પછી વેચાણ થાય પરંતુ તેના ઉપર જો S.T.T લાગેલ ન હોયતો તેવા નફા ઉપર (મૂળ કિંમત બાદ કર્યા પછી) ૧૦% પ્રમાણે લોંગ ટર્મ કેપીટલ ગેઈન ટેક્ષ લાગે.

(૩) સ્થાવર કે અન્ય જંગમ મિલકત ખરીદીની તારીખથી ૩૬ મહીના પછી વેચવામાં આવે તો ઇન્ડેક્ષ કોસ્ટ બાદ કરતાં જે નફો રહે તેના ઉપર લોંગ ટર્મ કેપીટલ ગેઈન ટેક્ષ લાગે.

(૪) લોંગ ટર્મ કેપીટલ ગેઈન ટેક્ષનો દર ૨૦% છે અને ટેક્ષની જે રકમ થાય તેના ઉપર ૩% એજ્યુકેશન શેસ લાગે.

(૫) લોંગ ટર્મ કેપીટલ ગેઈનના નફાની રકમ નું રૂા. ૫૦ લાખની મર્યાદામાં છ માસની અંદર માન્ય બોન્ડમાં રોકાણ કરવામાં આવે તો કેપીટલ ગેઈન ટેક્ષ લાગે નહીં.

(૬) મિલ્કત વેચાણના ૧ વર્ષ પહેલાં કે વેચાણ પછી બે વર્ષમાં મિલકતના વેચાણની રકમ જેટલું રોકાણ નવા રહેવાના મકાનની ખરીદીમાં કરવામાં આવે કે ૩ વર્ષમાં રહેવાનું મકાન બનાવવામાં આવે તો લોંગ ટર્મ કેપીટલ ગેઈન ટેક્ષ લાગે નહીં.

(૭) આ બાબતે વેપારી ભાઇઓએ જરૂરી મુજબ રૂબરૂ મળવું

(૫) **કેપીટલ ગેઈન-મિલકતનો નફો (શોર્ટ ટર્મ) :-**

(૧) જેના વેચાણ ઉપર S.T.T ટેક્ષ લાગેલો હોય તેવા ઇક્વીટી શેર કે યુનિટ ખરીદીની તારીખથી ૧૨ મહિનાની અંદર વેચવામાં આવે તો શોર્ટ ટર્મ કેપીટલ ગેઈન ટેક્ષ ૧૫% લાગે અને ટેક્ષની રકમના ૩% એજ્યુકેશન શેસ લાગે.

(૨) જે કંપનીના શેર/યુનિટ ઉપર S.T.T ટેક્ષ લાગેલો ના હોય તેવા વેચાણનો નફો કુલ આવકમાં ગણાય અને લાગુ પડતા દરે ટેક્ષ લાગે.

(૩) નવી કંપનીના ઈસ્યુ ભરવાનું કે બજારમાંથી શેર ખરીદવા વેચવાનું વારંવાર બનતું હોય તો

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com



ઈન્વેસ્ટમેન્ટ નહીં ગણાતા ધંધાની આવક ગણાય તેવું ઈન્કમટેક્ષ ખાતાનું માનવું છે.

(૪) અન્ય સ્થાવર કે જંગમ મિલ્કત ખરીદીની તારીખથી ૩૬ મહિના પહેલા વેચવામાં આવે તો જે નફો થાય તેના ઉપર રૂટીન દરે ઇન્કમટેક્ષ લાગે.

## (૬) TDS ટેક્ષ ડીડક્શન એટ સોર્સ :-

(૧) પગાર, વ્યાજ, કોન્ટ્રાકટર કે સબ કોન્ટ્રાક્ટર કે લેબર કોન્ટ્રાકટર કે ટ્રાન્સપોર્ટરને પેમેન્ટ, જોબવર્ક ચાર્જિસ ક્લીનીંગ ચાર્જિસ, સોર્ટીંગ ચાર્જિસ, કોલ્ડ સ્ટોરેજ ભાડું, કેટરીંગ ચાર્જિસ, એડવર્ટાઈઝમેન્ટ ચાર્જિસ, દલાલી/કમીશન, પ્લાન્ટ મશીનરી, ઇક્વીપમેન્ટ ભાડું, સ્થાવર મિલ્કત તથા ફર્નિચરનું ભાડુ, પ્રોફેશનલ તથા ટેક્નીકલ ફી, નોન રેસીડન્ટ ને ચૂકવવામાં આવતી કોઇપણ રકમ વિગેરે ખર્ચાઓનું પેમેન્ટ થાય કે પાર્ટી ખાતે જમા કરવામાં આવે ત્યારે TDS કરવી ફરજિયાત છે.

(૨) TDS દરેક વેપારીએ કરવાની છે પરંતુ નાના વહેપારીઓ જે માલીકી પેઢી ચલાવતા હોય અને તેમનું ટર્ન ઓવર ઓડીટ કરાવવાને પાત્ર ના હોય તેમને TDS કરવા માંથી માફી આપેલ છે. એટલે બીજા અર્થમાં કંપની/ભાગીદારી પેઢી/ ઓડીટ કરાવતી વ્યક્તિગત કે HUF પેઢી/A.O.P. / ટ્રસ્ટ વિગેરેએ TDS કરવી પડે અને ભરવી પડે.

(૩) TDS ની રકમ જ્યારે નામુ પાડવામાં આવે કે પેમેન્ટ કરવામાં આવે (તે બે માંથી જે પ્રથમ હોય) ત્યારે કરવી પડે અને પછીના મહીનાની ૭મી તારીખ સુધીમાં ભરવી પડે.

પરંતુ આ વર્ષ આખરે ૩૧મી માર્ચના રોજ જે ખર્ચાઓનું નામું પાડવામાં આવે તેની TDS અપવાદ રૂપે તારીખ ૩૦-૪-૨૦૧૨ સુધી ભરી શકાય.

(૪) તમામ પ્રકારની TDS માટે દર ત્રણ-ત્રણ મહીને Form 26-Q, 24Q વિગેરેમાં ક્વાર્ટરલી સ્ટેટમેન્ટ (રીટર્ન) ક્વાર્ટર પુરૂ થાય પછી ૧૫ દિવસમાં ભરવાનું ફરજિયાત છે.

છેલ્લે ક્વાર્ટર ૩૧મી માર્ચના પુરૂ થાય છે. તેનું ક્વાર્ટરલી સ્ટેટમેન્ટ (રીટર્ન) ૧૫મી મે સુધીમાં ભરવાનું છે આવા ક્વાર્ટરલી સ્ટેટમેન્ટ જો સમયસર ભરવામાં ના આવે તો જેટલા દિવસ ક્વાર્ટરલી સ્ટેટમેન્ટ મોડું ભરેલું હોય તેટલા દિવસ માટે દરરોજના રૂા. ૧૦૦/- લેખે દંડ થાય.

(૫) જે ક્વાર્ટરલી હપ્તામાં કપાત થઇ હોય તે ક્વાર્ટર પુરૂ થયેથી ૩૦ દિવસની અંદર TDS ના Form 16-A ઇસ્યુ કરી દેવા ફરજિયાત કરેલ છે. અને છેલ્લા ક્વાર્ટર માટે આવા TDS ના Form 16-A તા. ૩૦-૫-૨૦૧૨ સુધીમાં આપી દેવાનું ફરજિયાત કરેલ છે. સેલેરીનું Form-16 વાર્ષિક અગાઉની જેમ જ આપવાનું છે.

(૬) જેની કપાત થઇ તેનો સાચો P.A. No. ક્વાર્ટરલી સ્ટેટમેન્ટ Form 26-Q, 24Q તથા Form-16 માં લખવો જરૂરી અને ફરજિયાત છે એટલે કપાત કરનાર વેપારીએ જેમની કપાત થતી હોય તેમની પાસેથી તેમનો સાચો P.A. No. મેળવી લેવો જરૂરી છે. આ માટે શક્ય હોય ત્યાં સુધી જેમની કપાત થતી હોય તેમના P.A. No. કાર્ડની ઝેરોક્ષ મેળવવી અથવા તેમની પાસેથી તેમનો P.A. No. તેમના કાગળમાં લખાવી મેળવવો. કારણ ઘણી વખત P.A. No. માં સમજ ફેરથી નાની ભૂલ થાય તો પણ કપાત કરનાર અને કપાતની ક્રેડીટ લેનાર બંનેને તકલીફ થાય છે. અને અમને TDS રીટર્ન ભરવા માટે વિગત આપો તેમાં પણ દરેક પાર્ટીનો P.A. No. સ્પષ્ટ લખીને આપવો.

(૭) TDS રીટર્નમાં જેની કપાત થઇ હોય તેનો સાચો PAN લખવો જરૂરી છે. જો PAN ખોટો લખેલ હશે તો તેની ક્રેડીટ નહીં મલે. અને આ ક્રેડીટ લેવા માટે TDS કરનાર પાસે સાચો PAN લખાવીને TDS રીટર્ન રીવાઇઝ કરાવવું જોઇએ.

(૮) નોન રેસીડન્ટની કપાત કરવામાં આવે ત્યારે આવી કપાત અલગ ચલણથી ભરવી જોઇએ. કારણ ચલણમાં તેનો કોડ નંબર જુદો હોય છે. એટલે હવે નોન રેસીડન્ટ કપાત સિવાયની કપાત માટે અલગ ચલણ ભરવું અને નોન રેસીડન્ટની કપાત માટે અલગ ચલણ ભરવું જોઇએ.

(૯) નોન રેસીડન્ટની કપાત માટે પણ ક્વાર્ટરલી રીટર્ન સ્ટેટમેન્ટ ભરવાના રહે છે પણ તેનું Form 27-Q છે.

(૧૦) અલગ અલગ ખર્ચ ઉપર TDS ના દરનો કોઠો પાછળ આપેલ છે.

(૧૧) TDS ની રકમ મોટી થાય તેમ હોય અને આવકનો ઇન્કમટેક્ષ ઓછો ભરવાનો થાય તેમ હોય તો ઇન્કમટેક્ષ ઓફીસમાંથી તારીખ ૩૧-૩-૨૦૧૨ પહેલાં લોઅર રેટ ડીડક્શન સર્ટીફીકેટ જો મેળવેલું હોય તો

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com



તે પ્રમાણે TDS થાય જે વેપારીઓને આવા લોઅરરેટ TDS સર્ટીફીકેટ લેવાના હોય તેમણે અમારા રૂબરૂ સંપર્ક કરવો.

(૧૨) **TDS** તથા **TCS** ના સ્ટેટમેન્ટ/રીટર્ન અને **CD** તૈયાર કરવા માટે નીચેની માહીતી ટાઇપ કરીને આપવી :-

(૧) TDS નો પ્રકાર (૨) જેની TDS કરી હોય તેનું પુરૂ નામ તથા સરનામું અને તેનો સાચો P.A.No. (૩) જે ખર્ચ અંગે TDS કરી હોય તે ખર્ચની રકમ (૪) TDS ની રકમ (૫) TDS કર્યાની તથા ભર્યાની તારીખ તથા જે બેંકમાં TDS ભરી હોય તે બેંકનું નામ, તે બેંકનો BSR CODE નંબર અને ચલણ નંબર (૬) ભરેલા ચલણની બે ઝેરોક્ષ કોપી.

(૭) <u>ઉપર જણાવેલા ખર્ચાઓના પેમેન્ટમાંથી **TDS** કરવી જોઇએ પરંતુ આ દરેક **TDS** ની જોગવાઇમાં કેટલાક અપવાદો અને માફી આપેલ છે. તેની વિગત નીચે પ્રમાણે છે.</u>

(૧) <u>વ્યાજ કપાત કલમ - **194-A**</u>

(૧) વ્યાજની રકમ રૂા. ૫૦૦૦/- થી ઓછી હોય તો TDSમાં માફી છે તેવી જ રીતે ભાગીદારોને ગમે તેટલું વ્યાજ આપવામાં આવે તો પણ કપાત માંથી માફી છે.

(૨) ૬૦ વર્ષથી નીચેની ઉંમરની વ્યક્તિ કે HUF ને રૂા. ૫૦૦૦/- થી વધુ વ્યાજ લેવાનું હોય અને તેમની કુલ આવક પુરૂષના કિસ્સામાં રૂા. ૧૮૦૦૦૦/- તથા સ્ત્રીના કિસ્સામાં રૂા.૧૯૦૦૦૦/- થી ઓછી હોય અને P.A.No. ધરાવતા હોય તો વ્યાજ મેળવે કે જમા મળે તે પહેલા Form 15-G બે કોપીમાં વ્યાજ ચૂકવનારને આપેતો વ્યાજ ચૂકવનારે TDS કરવાની જરૂર નથી પરંતુ વ્યાજ મેળવવાર જો P.A.No. ધરાવતા ના હોય તો વ્યાજ આપનારે ૨૦% લેખે TDS કરવી ફરજિયાત છે.

(૩) ૬૦ વર્ષથી વધુ ઉંમરના પુરૂષો/સ્ત્રીઓને રૂા. ૫૦૦૦/- થી વધુ વ્યાજ લેવાનું હોય અને તેમની નેટ આવક ટેક્ષેબલ થાતી ના હોય તો (રૂા. ૨૫૦૦૦૦/- થી વધુ ના હોય) અને P.A.No. ધરાવતા હોય તો વ્યાજ મેળવે કે જમા મળે તે પહેલાં વ્યાજ ચૂકવવારને Form 15-H બે કોપીમાં આપે તો વ્યાજ ચૂકવનારે TDS કરવાની જરૂર નથી. પરંતુ જો વ્યાજ મેળવનાર **P.A.No.** ધરાવતા ના હોય તો વ્યાજ આપનારે ૨૦% લેખે **TDS** કરવી ફરજિયાત છે.

(૪) ૮૦ વર્ષથી વધુ ઉંમરના પુરૂષ/સ્ત્રીને રૂા. ૫૦૦૦/- થી વધુ વ્યાજ લેવાનું હોય અને તેમની નેટ આવક રૂા. ૫ લાખથી ઓછી હોય એટલે કે ટેક્ષેબલ થાતી ન હોય અને P.A.No. ધરાવતા હોય તો વ્યાજ મેળવે કે જમા મળે તે પહેલા વ્યાજ આપનારને Form 15-H બે કોપીમાં આપે તો વ્યાજ ચુકવનારે TDS કરવાની જરૂર નથી. પરંતુ જો વ્યાજ મેળવનાર **P.A.No.** ધરાવતા ન હોય તો વ્યાજ આપનારે ૨૦% લેખે **TDS** કરવી ફરજિયાત છે.

(૫) વ્યાજ આપનારે આ પ્રમાણે જે વ્યાજની ચૂકવણી માટે Form 15-G કે Form 15-H મેળવેલા હોય તે ૭ દિવસની અંદર અમદાવાદ ઇન્કમટેક્ષ ઓફીસમાં રજૂ કરવા પડે એટલે તારીખ ૩૧-૩-૨૦૧૨ માટે જે Form 15-G / Form 15-H મેળવેલા હોય તે <u>તારીખ ૭-૪-૨૦૧૨ સુધીમાં</u> અમદાવાદ ઇન્કમટેક્ષ ઓફીસમાં ફાઇલ કરાવી દેવા જોઇએ.

(૬) બેંકો તથા પોસ્ટ ઓફીસ જો રૂા. ૧૦૦૦૦/- સુધીનું વ્યાજ વર્ષ દરમ્યાન ચૂકવે તો TDS કપાતમાં માફી છે. પણ જો રૂા. ૧૦૦૦૦/- થી વધુ રકમનું વ્યાજ ચૂકવે તો Form 15-H કે 15-G આપવામાં આવે તો TDS ના થાય નહીંતર લાગુ પડતા દરે TDS કરવી પડે.

(૨) <u>કોન્ટ્રાક્ટ કામની કપાત કલમ - **194-C**</u>

(૧) કોન્ટ્રાક્ટ કામની વ્યાખ્યામાં કોન્ટ્રાક્ટ, સબ કોન્ટ્રાક્ટ, લેબર કોન્ટ્રાક્ટ, ક્લીનીંગ ચાર્જિસ, કોલ્ડ સ્ટોરેજ ભાડું, જોબવર્ક ચાર્જિસ, કેટરીંગ ચાર્જિસ, એડવરટાઇઝમેન્ટ ચાર્જિસ, ટ્રાન્સપોર્ટરનું ભાડુ વિગેરેનો સમાવેશ થાય છે.

(૨) વર્ષ દરમ્યાન એક સાથે રૂા. ૩૦૦૦૦/- અથવા વાર્ષિક રૂા. ૭૫૦૦૦/- થી વધુનું પેમેન્ટ કરવામાં ના આવે તો TDS કરવાની રહેતી નથી અને તે માટે કોઇ ફોર્મ આપવાની પણ જરૂર નથી.

(૩) ટ્રાન્સપોર્ટ ભાડુ વર્ષ દરમ્યાન ઉપર પ્રમાણે એક સાથે રૂા. ૩૦૦૦૦/- થી વધુ અથવા ટુકડે ટુકડે રૂા.

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com



૭૫૦૦૦/- થી વધુ એકજ ટ્રાન્સપોર્ટરને ચૂકવવામાં આવે અને ટ્રાન્સપોર્ટરે બીલ્ટી રસીદ ઉપર P.A.No. છાપેલો હોય કે P.A.No. ની ઝેરોક્ષ પુરી પાડે તો TDS કરવાની જરૂર નથી. પરંતુ TDS રીટર્નમાં આ વિગત આપવી ફરજિયાત છે એટલે દરેક ત્રીમાસની આવી વિગત અમને મોકલવી પરંતુ જો ટ્રાન્સપોર્ટર P.A. No.-ધરાવતા ના હોય કે P.A.No. પુરો ના પાડે તો ૨૦% લેખે TDS કરવી પડે.

(૩) <u>દલાલી/કમીશન કલમ - 194-H</u>

(૧) વર્ષ દરમ્યાન ટુકડે ટુકડે કે એક સાથે એકજ પાર્ટીને રૂા. ૫૦૦૦/- સુધીનું પેમેન્ટ કરવામાં આવે તો TDS કરવાની જરૂર નથી એટલે કે વર્ષ દરમ્યાન કુલ રૂા. ૫૦૦૦/- થી વધુ રકમનું પેમેન્ટ કરવાનું થાય તો TDS કરવી પડે.

(૪) <u>પ્લાન્ટ/મશીનરી/ઇક્વીપમેન્ટ ભાડુ કલમ - 194-I</u>

(૧) વર્ષ દરમ્યાન ટુકડે ટુકડે કે એક સાથે એકજ પાર્ટીને રૂા. ૧૮૦૦૦૦/- સુધીનું પેમેન્ટ કરવામાં આવે તો TDS કરવાની જરૂર નથી એટલે કે વર્ષ દરમ્યાન કુલ રૂા. ૧૮૦૦૦૦/- થી વધુ રકમનું પેમેન્ટ કરવાનું થાય તો TDS કરવી પડે.

(૪-એ) <u>સ્થાવર મિલ્કત/ફર્નિચર ભાડુ કલમ - 194-I</u>

(૧) વર્ષ દરમ્યાન ટુકડે ટુકડે કે એક સાથે એકજ પાર્ટીને રૂા. ૧૮૦૦૦૦/- સુધીનું પેમેન્ટ કરવામાં આવે તો TDS કરવાની જરૂર નથી એટલે કે વર્ષ દરમ્યાન કુલ રૂા. ૧૮૦૦૦૦/- થી વધુ રકમનું પેમેન્ટ કરવાનું થાય તો TDS કરવી પડે.

(૫) <u>પ્રોફેશનલ/ટેકનીકલ ફી - કલમ - 194-J</u>

(૧) વકીલ ફી, ઓડીટર ફી, ડોક્ટર ફી, ટેકનીકલ સર્વિસીસ ની ફી વિગેરેનું એકજ પાર્ટી ને વર્ષ દરમ્યાન ટુકડે ટુકડે કે એકજ સાથે રૂા. ૩૦૦૦૦/- સુધીનું પેમેન્ટ કરવામાં આવે તો TDS કરવાની જરૂર નથી એટલે કે વર્ષ દરમ્યાન કુલ રૂા. ૩૦૦૦૦/- થી વધુ રકમનું પેમેન્ટ કરવામાં આવે તો TDS કરવી પડે.

(૬) <u>પગાર કપાત - કલમ - 192</u>

(૧) પગાર મેળવનારની નેટ આવક ટેક્ષેબલ થતી હોય તો વ્યક્તિને લાગુ પડતા ઈન્કમટેક્ષના દર પ્રમાણે કપાત કરવી પડે.

(૨) એટલે પગારની આવકમાંથી વિમો, PPF વિગેરે જે કપાત બાદ મળવાપાત્ર હોય તે બાદ કર્યા પછી ઇન્કમટેક્ષ માફીપાત્ર આવક કરતાં વધારે રકમ બાકી રહેતી હોય તો TDS કરવી પડે.

(૭) <u>નોન રેસીડન્ટને ચૂકવાતી આવક - કલમ - 195</u>

(૧) કોઇપણ વેપારી નોન રેસીડેન્ટને વ્યાજ, ભાડુ વિગેરે ચૂકવે કે ખાતામાં જમા કરે તો TDS કરવી પડે. આ રકમ રૂા. ૫૦૦૦/- થી ઓછી હોય તો પણ TDS કરવી પડે.

(૨) નોન રેસીડેન્ટની જે આવક ઉપર TDS થઇ હોય તે રીફંડ લેવા માટે નોન રેસીડન્ટનું ઇન્કમટેક્ષ રીટર્ન ભરવાથી રીફંડ મળે છે. (જો ઇ.ટેક્ષ પાત્ર આવક ન હોય તો)

(૩) નોન રેસીડન્ટને ચૂકવવાની આવક ઉપર TDS ના દર નીચે પ્રમાણે છે.

(૧) U.K., U.S.A., Canada, Australia વિગેરે દેશોમાં રહેતા હોય અને તે દેશો સાથે આપણે ડબલ ટેક્ષેશન એવોઇડન્સ એગ્રીમેન્ટ થયેલ હોય તો ૧૫% TDS કાપવી પડે.

(૨) ઉપર પ્રમાણે ૧૫% લેખે TDS ની જે રકમ થાય તેના ઉપર ૩% લેખે એજ્યુ. સેસ લાગે એટલે TDS નો દર <u>૧૫.૪૫%</u> થાય.

(૩) ઉપર સિવાયના દેશો જેની સાથે ડબલ ટેક્ષેશન એવોઇડન્સ એગ્રીમેન્ટ થયેલા ના હોય તેવા દેશોમાં રહેતા નોન-રેસીડન્ટના કેસમાં <u>૩૦.૯૦%</u>

(૪) કેપીટલ ગેઇન વિગેરે અન્ય આવકો અંગે અલગ-અલગ દર છે. તે માટે જરૂર મુજબ રૂબરૂ મળવું.

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com



## (૮) TDS ના દરનો કોઠો :-

નોંધ :- ઉપર પ્રમાણેના દર ત્યારેજ લાગુ પડે જ્યારે જેમની કપાત કરવાની હોય તે વ્યક્તિ કપાત કરનારને પોતાનો

| કલમ | ચૂકવણીનો પ્રકાર તથા નિયત મર્યાદા | TDS દર |
|---|---|---|
| 194-A | (૧) વાર્ષિક રૂા. ૫૦૦૦/- થી વધુ વ્યાજની રકમ ઉપર | ૧૦ % |
| | (૨) બેંક તથા પોસ્ટ ઓફીસ માટે વાર્ષિક રૂા. ૧૦૦૦૦/- થી વધુ વ્યાજની રકમ ઉપર | ૧૦ % |
| 194-C | (૧) વ્યક્તિ તેમજ HUF હોય તેવા કોન્ટ્રાક્ટર અને સબ કોન્ટ્રાક્ટર માટે | ૧ % |
| | (૨) ભાગીદારી પેઢી તેમજ કંપની હોય તેવા કોન્ટ્રાક્ટર અને સબ કોન્ટ્રાક્ટર માટે | ૨ % |
| | (૩) ટ્રાન્સપોર્ટરના કેસમાં જો P.A.No. પુરો પાડવામાં આવે તો | શૂન્ય |
| | (૪) ટ્રાન્સપોર્ટરના કેસમાં જો P.A.No. પુરો પાડવામાં ન આવે તો | ૨૦ % |
| 194-H | (૧) કમીશન / દલાલી વાર્ષિક રૂા. ૫૦૦૦/- થી વધુ રકમ ઉપર | ૧૦ % |
| 194-I | (૧) પ્લાન્ટ, મશીનરી, ઇક્વીપમેન્ટના ભાડાની રૂા. ૧૮૦૦૦૦/- થી વધુ રકમની ચૂકવણી ઉપર | ૨ % |
| | (૨) જમીન-મકાન, ફર્નિચરના ભાડાની રૂા. ૧૮૦૦૦૦/- થી વધુ રકમની ચૂકવણી ઉપર | ૧૦ % |
| 194-J | (૧) પ્રોફેશનલ તથા ટેકનીકલ સર્વિસીસ ફી રૂા. ૩૦૦૦૦/- થી વધુ રકમની ચૂકવણી ઉપર | ૧૦ % |

P.A.No. પુરો પાડે પરંતુ જો આ રીતે જેની કપાત થાય તે વ્યક્તિ કપાત કરનારને P.A.No. પુરો પાડે નહી તો TDS નો દર ૨૦% રહેશે.

## (૯) TCS ટેક્ષ કલેકશન એટ સોર્સ કલમ - 206-C

(૧) જે વેપારી નીચેની વસ્તુઓનું વેચાણ કરતા હોય તેમને જ આ જોગવાઇ લાગુ પડે છે.
(૧) દારૂ (૨) બીડી પત્તા, (૩) જંગલમાંથી કે અન્ય રીતે મેળવેલ લાકડું (૪) જંગલની અન્ય પેદાશો (૫) ભંગાર એટલે કે ઉત્પાદનમાંથી નીકળતો વેસ્ટેજ અને ભંગાર (૬) મીકેનીક કામકાજ માંથી નીકળતો વેસ્ટેજ અને ભંગાર તથા કોન્ટ્રાકટનાં ધંધામાંથી નીકળતો ભંગાર (જ્યારે આ ભંગાર મૂળ સ્વરૂપે વાપરી શકાય તેવો હોય નહી)

(૨) ઉપરોક્ત વસ્તુઓનુઃ જ્યારે વેચાણ કરવામાં આવે ત્યારે ખરીદનાર પાસેથી લાગુ પડતા દરે (જેના દર ૧% થી ૫% છે. ) TCD વસુલ કરવો પડે અને ભરવો પડે.

(૩) TDS ની જોગવાઇ માફક જ આ રીતે ઉઘરાવાતો TCS સમયસર ભરવો પડે અને તેના ત્રીમાસીક રીટર્ન સ્ટેટમેન્ટ પણ સમયસર ભરવા પડે, નહીંતર દંડ થાય.

(૪) જો ઉપરોક્ત વસ્તુઓનું વેચાણ કરનાર ખરીદનાર પાસેથી TCS ઉઘરાવે નહી તો પોતે ઘરનો ભરવો પડે.

## (૧૦) TDS સ્ટેટમેન્ટ/રીટર્ન સમયસર ના ભરવાના કે મોડા ભરવાના માઠા ફળ : (જેની TDS થઇ હોય તેના કેસમાં)

(૧) <u>જેની TDS થઇ હોય તેની ક્રેડીટ તેના કેસમાં TDS કરનારે ભરેલા ક્વાર્ટરલી સ્ટેટમેન્ટ રીટર્ન ઉપરથી મળશે.</u>

(૨) ઇન્કમટેક્ષ ખાતાના સોફ્ટવેર પ્રમાણે TDS કરનારે ભરેલા ક્વાર્ટરલી સ્ટેટમેન્ટ રીટર્નમાં જે P.A.No. લખેલ હોય તે P.A.No. ના ખાતામાં આવી TDS ની રકમ જમા થાય છે અને જેની TDS થઇ હોય

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com



તેના એસેસમેન્ટ વખતે ઇન્કમટેક્ષ ખાતાના રેકર્ડમાં જે TDS જમા થઇ હોય તેની જ ક્રેડીટ આપે છે. ઇન્કમટેક્ષ રેકર્ડ પ્રમાણેનું આવું ખાતુ Form 26AS દરેક P.A.No. ધરાવનાર ઇન્કમટેક્ષ ખાતાની વેબસાઇટ ઉપરથી રજીસ્ટ્રેશન કરાવીને મેળવી શકે છે.

(૩) કેટલીક વખત એવું બને છે કે જેની TDS થઇ હોય તેમણે પોતાનો સાચો P.A.No. જણાવેલ ના હોય અથવા જેમણે ક્વાર્ટરલી સ્ટેટમેન્ટ રીટર્ન ભરેલા હોય તેમણે P.A.No. લખવામાં ભૂલ કરી હોય તો પણ TDS ની ક્રેડીટ મળતી નથી.

(૪) એટલે જેમની TDS થઇ હોય તેમણે ચોકસાઇ માટે જેઓએ તેમની TDS કરી હોય તેમની પાસેથી આવેલા Form 16-A ઉપરથી પોતાના P.A.No. ની ખાતરી કરી લેવી જોઇએ. અને જો તેમાં ભૂલ હોય તો TDS કરનારનું ધ્યાન દોરી તેમણે ભરેલા ક્વાર્ટરલી સ્ટેટમેન્ટ રીટર્ન રીવાઇઝ્ડ કરાવી પાવતીની નકલ મેળવવી.

(૫) જેની TDS થઇ હોય તેના Form 16-A માં TDS કરનારે ભરેલ ક્વાર્ટરલી રીટર્નના પાવતી નંબર લખવાનું ફરજિયાત છે એટલે જેની TDS થઇ હોય તેણે પોતાને મળેલા Form 16-A માં પાવતી નંબર લખેલ છે કે નહીં તે ચકાસી લેવું.

**(૧૧) <u>TDS કપાત ન કરવાની કે મોડી ભરવા માટે વેપારીએ પોતે ભોગવવાના માઠા ફળ એટલે કે આર્થિક નુકશાન :-</u>**

(૧) TDS કરવાની હોય પણ કરી ના હોય અને ભરી ન હોય તો આવું ખર્ચ આવક માંથી બાદ મળે નહીં.

(૨) એટલે રીટર્ન ભરતાં પહેલાં પૂરી ચોકસાઇ કરી આવી TDS કરવાની રહી ગઇ હોય તો રીટર્ન ભરવાની ડ્યુડેટ (તારીખ) પહેલા વ્યાજ સાથે ભરી દેવાથી આવુ ખર્ચ બાદ મળશે.

(૩) TDS ની કપાત કરી હોય પણ કોઇ કારણસર ભરવી રહી ગઇ હોય તો રીટર્ન ભરવાની તારીખ પહેલા વ્યાજ સાથે ભરી દેવાથી આવું ખર્ચ ના મંજુર થાશે નહીં.

(૪) પણ ઉપર પ્રમાણે રીટર્ન ભરવાના સમય સુધીમાં જો TDS ભરવામાં ના આવે તો આ અંગેનું ખર્ચ આવકમાંથી બાદ મળશે નહીં એટલે કે ખર્ચો વ્યાજબી હોવા છતાં આવકમાં ઉમેરાઇ જાશે અને તેનો ટેક્ષ ભરવો પડશે.

(૫) અને જો ઇ.ટેક્ષ રીટર્ન ભરી દીધા પછી TDS ભરવામાં આવે તો જે વર્ષમાં TDS ભરી હોય તે વર્ષની આવકમાંથી આવો ખર્ચ બાદ મળશે.

**(૧૨) <u>P.A.No. ની અગત્યતા :-</u>**

(૧) વેપાર ધંધો કે નોકરી કરતાં હો કે ઇન્કમટેક્ષ ભરવો હોય કે બેંક ખાતુ ખોલાવવું હોય કે કોઇ સ્થાવર મિલ્કત ખરીદવી હોય કે વેચવી હોય તો P.A.No. વગર ચાલે તેમ નથી.

(૨) ખોટો P.A.No. લખવામાં આવે તો રૂા. ૧૦૦૦૦/- નો દંડ થાય માટે સાચો P.A.No. લખવાની કાળજી રાખવી જે માટે P.A.No. નો સીક્કો બનાવીને લગાવવો સલાહભર્યું છે.

(૩) જે પેમેન્ટમાંથી TDS થાતી હોય તે પેમેન્ટ કરનારને આવુ પેમેન્ટ મેળવનારે પોતાના P.A.No. નો સીક્કો લેટરપેડ ઉપર લગાવીને આપવો જેથી P.A.No. માં ભૂલ પડે નહીં.

(૪) પેમેન્ટ આપનાર તથા પેમેન્ટ લેનાર બંનેએ એક બીજાને મોકલવામાં આવતા બીલ, ખાતાના ઉતારા, પત્ર વ્યવહાર, દસ્તાવેજો વિગેરેમાં પોત પોતાનો સંબંધીત P.A.No. લખવો જરૂરી છે.

(૫) <u>એટલે સમગ્ર રીતે જોઇએ તો P.A.No. આપણી આઇડેન્ટીટી નું કામ કરે છે તે સ્વીકારવું રહ્યું.</u>

**(૧૩) <u>ફરજિયાત ઓડીટ :-</u>**

(૧) વેપાર ધંધા કરતાં દરેક વેપારીએ જો તેનું ટર્ન ઓવર <u>રૂા. ૬૦ લાખથી</u> વધુ હોય તો ફરજિયાત ઓડીટ કરાવવું જરૂરી છે.

(૨) પ્રોફેશન કરતાં દરેક પ્રોફેશનલે એટલે કે વકીલ, એન્જીનીયર, ડોકટર, સી.એ. વિગેરેની વર્ષ દરમ્યાન કુલ

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com



રીસીપ્ટસ રૂ. ૧૫ લાખથી વધુ હોય તો ફરજિયાત ઓડીટ જરૂરી છે.

(૩) કુલ ટર્નઓવર રૂ. ૬૦ લાખથી ઓછું હોય અને કલમ 44AD ની જોગવાઈ પ્રમાણે જો ૮% લેખે નફો બતાવવો ન હોય તો ફરજિયાત ઓડીટ જરૂરી છે.

(૧૪) <u>રૂ. ૬૦ લાખથી ઓછું ટર્નઓવર ધરાવતાં વેપારીઓ માટે ૮% નફો બતાવવાની સ્પેશ્યલ જોગવાઇ કલમ 44AD :-</u>

(૧) આ જોગવાઈ અંગત HUF તથા ભાગીદારી પેઢીને લાગુ પડે છે.

(૨) આ જોગવાઈ રીસેલર, હોલસેલર, મેન્યુફેક્ચરર બધાને લાગુ પડે છે.

(૩) જે વેપારીઓને વર્ષ દરમ્યાન ધંધાનું ટર્નઓવર રૂ. ૬૦ લાખથી વધુ ન હોય તેમણે ફરજિયાત ૮% પ્રમાણે નેટ નફો ગણીને ઇન્કમટેક્ષ ભરવો પડશે.

(૪) ભાગીદારી પેઢીનાં કેસમાં આવી ૮% પ્રમાણેની નફાની જે રકમ થાય તેમાંથી વર્કીંગ પાર્ટનરોનો પગાર તથા ભાગીદારોની મૂડીનું વ્યાજ ભાગીદારી દસ્તાવેજની જોગવાઇ મુજબ બાદ મળશે અને બાકીની રકમ ઉપર પેઢી ટેક્ષ લાગશે.

(૫) અંગત તથા HUF ના કેસમાં ૮% પ્રમાણેની નફાની જે રકમ થાય તેમાંથી વીમો, PPF વિ.ની રૂ. ૧૦૦૦૦૦/- સુધીની કપાત તથા ઇન્ફ્રાસ્ટ્રક્ચર બોન્ડમાં કરેલ રૂ. ૨૦૦૦૦/- સુધીનું રોકાણ, મેડીકલેઇમ, ઇન્સ્યોરન્સ, પ્રીમીયમ, તથા ડોનેશનની કપાત બાદ મળશે. એટલે આવી કપાતની રકમ બાદ કર્યા પછી જે નેટ નફો વધે તેના ઉપર ઇન્કમટેક્ષ લાગશે.

(૬) આવા વેપારીઓને એડવાન્સટેક્ષ ભરવામાંથી મુક્તિ આપી છે.

(૭) જે વેપારીઓને કુલ ટર્ન ઓવરના ૮% પ્રમાણે નેટ નફો થતો ન હોય અને તેમને રીટર્નમાં ૮% પ્રમાણેની આવકનો ઇન્કમટેક્ષ ભરવો ન હોય તેમણે તેમનું ટર્નઓવર રૂ. ૬૦ લાખથી વધારે ન હોય તો પણ ફરજિયાત હિસાબોનું ઓડીટ કરાવી રીટર્ન ભરવાની તારીખ પહેલાં ઓડીટ રીપોર્ટ મેળવીને ડીજીટલ સીગ્નેચરથી રીટર્નનું ઇ-ફાઇલીંગ કરવાનું રહે.

(૧૫) <u>ધંધામાં વપરાતી મિલ્કતના ઘસારાના દર નીચે મુજબ છે :-</u>

(૧) (૧) મકાન/બીલ્ડીંગ ૧૦% (૨) પ્લાન્ટ અને મશીનરી ૧૫% (૩) ફર્નિચર એન્ડ ડેડસ્ટોક-૧૦% (૪) ટ્રાન્સપોર્ટનાં ધંધામાં વપરાતી ટ્રક-૩૦% (૫) કમ્પ્યુટર તથા સોફ્ટવેર-૬૦%

(૨) ઉત્પાદન માટે વપરાતા નવા પ્લાન્ટ અને મશીનરી ઉપર ૨૦% લેખે વધારાનો ઘસારો બાદ મળવાપાત્ર છે.

(૩) જે મિલ્કત ધંધા માટે ૧૮૦ દિવસથી ઓછા સમય માટે વાપરવામાં લીધી હોય તેના ઉપર ઘસારાનો દરતથા વધારાનો ઘસારાનો દર અડધો થાય છે.

(૧૬) <u>ઇન્કમટેક્ષ રીટર્ન ભરવાની મુદત :-</u>

(૧) જે વેપારીઓને ફરજિયાત ઓડીટ કરાવવું જરૂરી નથી તેમના કેસમાં તારીખ ૩૧-૭-૨૦૧૨ સુધીમાં રીટર્ન ભરવું જરૂરી છે.

(૨) જે વેપારીઓને ફરજિયાત ઓડીટ કરાવવું જરૂરી છે. તેમણે તારીખ ૩૦-૯-૨૦૧૨ સુધીમાં રીટર્ન ભરવું જરૂરી છે.

(૨A) જે વેપારીઓને ઇન્ટરનેશનલ ટ્રાન્ઝેક્શન માટે કલમ 92-E હેઠળ ઓડીટ રીપોર્ટ મેળવવાનો હોય તેમણે તારીખ ૩૦-૧૧-૨૦૧૨ સુધીમાં રીટર્ન ભરવું જરૂરી છે.

(૩) જે વેપારીઓને નેટ નુકસાન હોય અને સમયસર રીટર્ન ભરે નહી તો આવુ નુકસાન પછીના વર્ષોમાં આગળ ખેંચી શકાશે નહીં.

(૪) ટેક્ષેબલ આવક હોય અને તારીખ ૩૧-૩-૨૦૧૩ સુધીમાં રીટર્ન ભરવામાં ના આવે રૂ. ૫૦૦૦/- દંડ થાય.

(૫) માટે સમયસર રીટર્ન ભરવું જરૂરી છે.

(૬) એટલે સને ૨૦૧૦-૧૧ (A.Y. ૨૦૧૧-૧૨) ના રીટર્ન જેમના ભરવાના બાકી હોય તેમણે તારીખ તારીખ

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com



૩૧-૩-૨૦૧૨ પહેલાં રીટર્ન ભરાવી દેવા જોઇએ નહીંતર દંડ થાય.

(૧૭) <u>રીટર્નનું ફરજિયાત E ફાઇલીંગ :-</u>

(૧) જે વેપારીઓ ફરજિયાત ઓડીટ કરાવતા હોય તેમણે E ફાઇલીંગ ડીજીટલ સીગ્નેચરથી કરવું ફરજિયાત છે.

(૨) દરેક કંપનીએ પણ E ફાઇલીંગથી રીટર્ન ભરવું ફરજિયાત છે.

(૩) જેમને ફરજિયાત E ફાઇલીંગ રીટર્ન લાગું પડતું ના હોય તેઓ (ટ્રસ્ટ સિવાયના) મરજિયાત રીતે E ફાઇલીંગ થી રીટર્ન ભરી શકે.

(૧૮) <u>ટેક્ષ ફ્રી આવક મેળવવા માટે કરેલા ખર્ચા :-</u>

(૧) કંપનીમાંથી મળતું ડીવીડન્ડ તથા મ્યુચ્યુઅલ ફંડના રોકાણમાંથી મળતી આવક ટેક્ષ ફ્રી છે અને આ આવક મેળવવા માટે જે ખર્ચા કરેલા હોય તે બાદ મળે નહીં.

(૨) STT પાત્ર શેરો કે મ્યુચ્યુઅલ ફંડ ખરીદ તારીખના ૧૨ મહિનાથી વધુ સમય પછી વેચાણ થાય તો લોંગ ટર્મ કેપીટલ ગેઇન ટેક્ષ લાગતો નથી એટલે આ આવક અંગે પણ જે ખર્ચાઓ થયા હોય તે બાદ મળે નહીં.

(૩) સામાન્ય રીતે આવી ટેક્ષ ફ્રી આવકના ખર્ચમાં વ્યાજનો ખર્ચ મુખ્ય હોય છે. અન્ય ખર્ચા હોય તે પ્રપોર્શનેટ (સરાસરી પ્રમાણે) ગણાય

(૪) એટલે આ રીતે જે ખર્ચ બાદ મળવાપાત્ર ન હોય તે ખર્ચ રીટર્ન ભરતી વખતે ના મંજુર કરવો જોઇએ.

(૧૯) <u>મિલ્કત ભાડાની આવક :-</u>

(૧) રહેવાનું મકાન માફ છે. પણ જો એકથી વધારે રહેવાના મકાન હોય તો બીજા મકાનો માટે એન્યુઅલ વેલ્યુની રકમ આવક ગણાય.

(૨) એન્યુઅલ વેલ્યુની રકમ નક્કી કરવા માટે મ્યુનીસીપલ ટેક્ષ માટે થયેલી ભાડા આકારણીની રકમ અને મિલ્કત ભાડે આપી હોય તો ભાડાની રકમ, એ બે માંથી જે વધારે હોય તે એન્યુઅલ વેલ્યુ ગણાય.

(૩) દુકાન/ઓફીસ કે ગોડાઉન ધંધા માટે વપરાતા ના હોય અને ભાડે આપેલા ના હોય અને ખાલી હોય તો તેવી મિલ્કતની "એન્યુઅલ વેલ્યુ" આવક ગણાય.

(૪) મિલ્કત ભાડાની જે આવક થાય તેમાંથી ૩૦% રકમ બાદ મળે છે ઉપરાંત મ્યુનીસીપલ ટેક્ષની ભરેલી રકમતથા હાઉસીંગ લોન ઉપર રૂા. ૧૫૦૦૦૦/- સુધી ભરેલું વ્યાજ બાદ મળે છે.

(૫) કોઇપણ મકાનના મેઇન્ટેનન્સની રકમ ભરેલી હોય તો તેવી કોઇ રકમ બાદ મળતી નથી.

(૨૦) <u>મળેલી બક્ષીસ ઉપર ભરવાનો ઇન્કમટેક્ષ :-</u>

(૧) નક્કી કરેલા સગા સિવાયની વ્યક્તિ કે HUF પાસેથી વર્ષ દરમ્યાન રૂા. ૫૦૦૦૦/- સુધી મળેલી બક્ષીસની રકમ માફ છે. પણ જો વર્ષ દરમ્યાન મળેલી બક્ષીસની રકમ રૂા. ૫૦૦૦૦/- થી વધુ હોય તો કોઇ રકમ માફ નથી એટલે આવી બક્ષીસની બધી રકમ આવકમાં ઉમેરાય.

(૨) લગ્નપ્રસંગે કે વીલ હેઠળ બક્ષીસની રકમ ગમે તેટલી મળી હોય તે માફ છે.

(૩) નીચેના સગા પાસેથી મળેલી ગમે તેટલી બક્ષીસની રકમ માફ છે. :- (૧) માતા-પિતા (૨) દાદા-દાદી (૩) પરદાદા-પરદાદી (૪) સાસુ-સસરા (૫) વડસાસુ-વડસસરા (૬) ભાઇ-ભાભી (૭) બેન-બનેવી (૮) સાળા-સાળાની વહુ (૯) સાળી-સાઢુ (૧૦) કાકા-કાકી (૧૧) ફઇબા-ફુઆ (૧૨) મામા-મામી (૧૩) માસા-માસી (૧૪) પુત્ર-પુત્રવધુ (૧૫) દીકરી-જમાઇ (૧૬) દેરાણી-જેઠાણી.

નોંધ :- ઉપરના સગામાં (૧) કાકાજી-કાકીજી (૨) ફઇજી-ફુવાજી (૩) મામાજી-મામીજી (૪) માસાજી-માસીજી નો સમાવેશ થાય છે કે નહી તેનો મતભેદ ચાલેછે એટલે આ સગાઓ પાસેથી બક્ષીસ લેવી નહીં.

(૪) પતિ-પત્નિ એ એક બીજાને તથા સાસુ-સસરાએ પુત્રવધુને આપેલી બક્ષીસની રકમની આવક બક્ષીસ આપનારની આવકમાં ઉમેરાય છે. તેથી તેવી ગીફ્ટ આપવી-લેવી સલાહભર્યું નથી.

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com



(૫) સ્થાવર મિલ્કત, શેર, હીરા, મોતી, ઝવેરાત, બુલિયન, ડ્રોઇંગ, પેન્ટીંગ વિગેરેની રૂા. ૫૦૦૦૦/- થી વધુ કિંમતની બક્ષીસ સ્વીકારવામાં આવે તો આવક ગણાશે (ઉપર લખેલા સગાં સિવાયનાં પાસેથી)

(૬) રોકડ અને જંગમ વિગેરે મિલ્કતની વર્ષ દરમ્યાન મળેલી બધી બક્ષીસની રકમ રૂા. ૫૦૦૦૦/- ની મર્યાદામાં ભેગી ગણાય.

(૨૧) <u>ટેક્ષનું E પેમેન્ટ :-</u>

(૧) કંપની, ઓડીટ કરવાની ભાગીદારી પેઢી, ઓડીટ કરાવતી વ્યક્તિ/એચ.યુ.એફ. પેઢી વિગેરે એ TDS ની રકમ કે એડવાન્સટેક્ષ કે અન્ય ઇન્કમટેક્ષની કોઇપણ રકમ ભરવાની હોય તેનું E પેમેન્ટ કરવું ફરજિયાત છે.

(૨) જમાનો E ટેક્નોલોજીનો છે. એટલે ઉપર પ્રમાણે E પેમેન્ટ કરવું ફરજિયાત ન હોય તો પણ E પેમેન્ટ થી ટેક્ષ ભરવા સલાહ છે. કારણ બેંકમાં જવાનું રહે નહીં અને બેંક વાળા ચલણ ઉપર જે સિક્કા મારે છે તે સ્પષ્ટ વાંચી શકાય તેવા ઓછા હોય છે.

(૨૨) <u>આટલું કરશો નહીં :-</u>

(૧) માલની ખરીદી કે ધંધા અંગેના ખર્ચનું રૂા. ૨૦૦૦૦/- થી વધુ રકમનું પેમેન્ટ એકાઉન્ટ પેઇ ચેક, ડી.ડી. સિવાય કરવું નહીં નહીંતર ખર્ચ તરીકે બાદ મળશે નહીં.

(૨) રૂા. ૨૦૦૦૦/- થી વધુ રકમની લોન કે ડીપોઝીટ એકાઉન્ટ પેઇ ચેક/ડી.ડી. સિવાય લેવી નહીં.

(૩) જે ખાતામાં લોન કે ડીપોઝીટની રકમ રૂા. ૨૦૦૦૦/- થી ઓછી હોય પણ નવી રકમ લેવાથી ખાતાની કુલ રકમ રૂા. ૨૦૦૦૦/- થી વધુ થાતી હોય તો તે એકાઉન્ટ પેઇ ચેક/ડી.ડી. સિવાય લેવી નહીં.

(૪) જે ખાતામાં રૂા. ૨૦૦૦૦/- થી વધુ લોન/ડીપોઝીટ જમા હોય તે ખાતામાંથી એકાઉન્ટ પેઇ ચેક/ડી.ડી. સિવાય એક રૂપિયાનું પણ પેમેન્ટ રોકડેથી કે હવાલાથી કરી શકાય નહીં.

(૫) એકજ ટ્રાન્સપોર્ટરને માલનાં ટ્રાન્સપોર્ટેશન માટે રૂા. ૩૫૦૦૦/- થી વધુ રકમનું પેમેન્ટ એકાઉન્ટ પેઇ ચેક/ડીડી સિવાય કરવું નહીં, નહીંતર ખર્ચ તરીકે બાદ મળશે નહીં.

(૬) ઉપર ૩ થી ૫ માં જોગવાઇ છે તેનો ભંગ કરવા માટે આખી રકમની પેનલ્ટી થાય જેમ કે રૂા. ૨૦૦૦૦/- ઉપરના કોઇ ખાતામાં રૂા. ૨૫ કે ૨૫ લાખ રોકડા જમા લેવામાં આવે તો રૂા. ૨૫ કે રૂા. ૨૫ લાખ ની પેનલ્ટી થાય અને તેવીજ રીતે આવા ખાતામાંથી રોકડેથી જે પેમેન્ટ કરવામાં આવે તેની પણ તેટલી રકમની પેનલ્ટી થાય.

(૨૩) <u>આવકમાંથી બાદ મળવાપાત્ર કપાત રીટર્નમાં ક્લેઇમ કરવામાં ના આવે તેના પરિણામો :-</u>

(૧) આવકમાંથી બાદ મળતી રકમો જેવી કે LIP/PPF/NSC/મેડીકલ ઇન્સ્યુરન્સ/ડોનેશન/બાળકોની સ્કુલ ફી વિગેરે કપાતો જો રીટર્નમાં બાદ માંગવામાં ના આવે તો બાદ મળશે નહીં.

(૨) એટલે રીટર્ન ભરતી વખતે બાદ મળવાપાત્ર રકમ ચોકસાઇપૂર્વક બાદ માંગવી જરૂરી છે.

(૩) કદાચ કોઇ કારણસર આવી કોઇ રકમ બાદ લેવી રહી ગઇ હોય તો તાત્કાલિક ટાઇમસર રીવાઇઝડ રીટર્ન ભરી બાદ માંગી શકાય.

(૨૪) <u>ભરેલ ટેક્ષ તથા TDS રીટર્નમાં ક્લેઇમ કરવામાં ન આવે તેના પરિણામો :-</u>

(૧) ભરેલો એડવાન્સટેક્ષ તથા જે TDS થઇ હોય તે TDS ની રકમ રીટર્નમાં બનાવવામાં ના આવે (ક્લેઇમ કરવામાં ન આવે) તો તેની ક્રેડીટ મળે નહીં.

(૨) એટલે કદાચ આવી ક્રેડીટ લેવી રહી ગઇ હોય તો ટાઇમસર રીવાઇઝર રીટર્ન ભરવું જોઇએ.

(૨૫) <u>રીવાઇઝડ રીટર્ન ભરવાની મુદત</u>

(૧) જે રીટર્ન ભરેલું હોય તેમાં પ્રમાણીક પણે કોઇ ભૂલચૂક થઇ હોય કે કોઇ આવક બતાવવી રહી ગઇ હોય કે કોઇ ડીડક્શન ક્લેઇમ કરવા રહી ગયા હોય તો જે તે આકારણી વર્ષ પુરૂ થયાના એક વર્ષમાં કે આકારણી પૂર્ણ થાય તે બેમાંથી જે વહેલું હોય તે પહેલાં ભરી શકાય.

(૨) કદાચ કોઇ કારણસર શુધ્ધ બુધ્ધીથી આવું રીટર્ન સમયસર રીવાઇઝડ ના કરી શકાય તો જ્યારે ખબર પડે

ત્યારે તુરંત જ આવું રીટર્ન રીવાઇઝડ કરવું સલાહભર્યું છે જેથી શુધ્ધ બુધ્ધીનું વર્તન દેખાડી શકાય.

(૨૬) વેટ (વેલ્યુ એડેડ ટેક્ષ) :- ૨૦૧૨-૧૩

(૧) સને ૨૦૧૧-૧૨ નું વાર્ષિક વેટ પત્રક :-

(૧) તારીખ ૩૦-૬-૨૦૧૨ સુધીમાં ભરવું પડે.

(૨) વાર્ષિક રીટર્ન ભરવા માટે,

(૧) ખરીદ પત્રકે થી હપ્તાવાર ખરીદી (૨) વેચાણ પત્રકે થી હપ્તાવાર વેચાણ (૩) VAT, CST, INPUT તથા OUTPUT ના ટેક્ષખાતા (૪) ભરેલા ચલણોની ઝેરોક્ષ (૫) ચોપડા ઉપરથી ખાતાવાર કુલ ખરીદી અને કુલ વેચાણ વિગત વિગેરે વહેલાસર મોકલશો જેથી સમયસર વાર્ષિક રીટર્ન ભરી શકાય.

(૨) સને ૨૦૧૧-૧૨ નું વેટ ઓડીટ :-

(૧) સને ૨૦૧૧-૧૨ ના વર્ષ દરમ્યાન પોતાના વેપાર ખાતાનું તથા કમીશન નું તથા ઉત્પાદનનું કે આ ત્રણેય મળીને કુલ ટર્ન ઓવર રૂા. ૧ કરોડ થી વધારે હોય તો ચોપડા ઓડીટ કરાવી વેટ ઓડીટ રીપોર્ટ તારીખ ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં વેટ કચેરીમાં રજુ કરવો ફરજિયાત છે.

(૨) વેટ ઓડીટ રીપોર્ટ મોડો રજુ કરવામાં આવે તો રૂા. ૧૦૦૦૦/- દંડ થાય છે.

(૩) વેટ ઓડીટ કરાવવા માટે રૂબરૂ સંપર્ક કરવો.

(૩) વેટ રીટર્ન નું ઇ-ફાઇલીંગ :-

(૧) જે વેપારીઓ CST નોંધણી નંબર ધરાવતા હોય તેમણે ફરજિયાત વેટ તથા CST કાયદાના રીટર્ન ઇ-ફાઇલીંગથી ભરવા પડે પછી ભલે તેમનું ટર્ન ઓવર રૂા. ૫૦ લાખથી ઓછું હોય.

(૨) જે વેપારીઓ CST નંબર ધરાવતા ના હોય પરંતુ વાર્ષિક ટર્ન હોવર રૂા. ૫૦ લાખથી વધુ હોય તેવા વેપારીઓએ પણ રીટર્નનું ઇ-ફાઇલીંગ કરવાનું છે.

(૩) નીચેની વસ્તુઓનો વેપાર કરતાં વેપારીઓ કે જેમણે CST નંબર ના હોય અને તેમનું ટર્ન ઓવર રૂા. ૫૦ લાખ થી ઓછું હોય તો પણ રીટર્ન નું ઇ-ફાઇલીંગ કરવું પડે.

(૧) ટીમ્બર-લાકડું (૨) સીરામીક ટાઇલ્સ (૩) લોખંડનો ભંગાર અને (૪) તમાકુ અને તમાકુ પ્રોડકટસ (અન મેન્યુફેકચર્ડ તમાકુ સિવાય)

(૪) વર્ષ દરમ્યાન ટર્ન ઓવર રૂા. ૫૦ લાખથી ઓછું હોય તો જ્યારે ટર્ન ઓવર રૂા. ૫૦ લાખ થી વધુ થાય ત્યારથી રીટર્નનું ઇ-ફાઇલીંગ કરવું પડે.

(૫) ઉપર જણાવેલા વેપારીઓએ માત્ર અને માત્ર ઇ-ફાઇલીંગ થી રીટર્ન ભરવું ફરજિયાત છે એટલે પેપર રીટર્ન ભરી શકાતું નથી.

(૬) ઉપર જણાવેલ વેપારીઓને જો માસીક રીટર્ન ભરવાની જોગવાઇ લાગુ પડતી હોય તો માસીક રીટર્ન પણ ઇ-ફાઇલીંગ થી ભરવું ફરજિયાત છે.

(૭) ઇ-ફાઇલીંગ થી રીટર્ન ભરવું ખૂબ ટાઇમ લાગે તેવું કામ છે. જેથી ખર્ચ વધે છે. એટલે જે વેપારીઓને CST નંબરની જરૂર ના હોય તેમણે CST નંબર રદ કરાવી નાંખવો સલાહભર્યું છે.

(૪) ઇ-ફાઇલીંગ થી રીટર્ન ના ભરવાના ગેર ફાયદા :-

(૧) જે વેપારીઓ એ ઇ-ફાઇલીંગ થી રીટર્ન ભરવાનું હોય છતાં ના ભરે તો નિયમ પ્રમાણે દંડ થાય.

(૨) સતત ૩ રીટર્ન નું ઇ-ફાઇલીંગ કરવામાં ના આવે તો વેટ કાયદા હેઠળનો TIN નંબર રદ થઇ શકે.

(૩) વેપારીને 'C' ફોર્મ કે 'H' ફોર્મ કે 'F' ફોર્મ કે ફોર્મ નં. ૪૦૨ કે ફોર્મ નં. ૪૦૩ મેળવવાના હોય તો મળે નહિ.

(૪) એટલે વેટ કાયદાના પત્રકો સમયસર નિયમ પ્રમાણે ભરવા સલાહ છે.

PDF-XChange Editor
Click to BUY NOW!
tracker-software.com



(૫) **માસીક રીટર્ન કોણે ભરવું પડે :-**

જે વેપારીઓને :- (૧) પેટ્રોલપંપનો ધંધો હોય (૨) ઇમ્પોર્ટ/એક્ષપોર્ટ નો ધંધો હોય (૩) ઉત્પાદક હોય અને ગત વર્ષમાં કે ચાલુ વર્ષમાં રૂા. ૬૦૦૦૦/- થી વધુ ટેક્ષ ભર્યો હોય (૪) આંતરરાજ્ય ખરીદી કે વેચાણ કરતા હોય અને રૂા. ૬૦૦૦૦/- થી વધુ ટેક્ષ ભર્યો હોય (૫) માલ જાંગડ વેચાણ મોકલતા હોય અને વર્ષ દરમ્યાન રૂા. ૬૦૦૦૦/- થી વધુ ટેક્ષ ભર્યો હોય (૬) કપાસીયા ખોળ નું ખરીદ કે વેચાણ કરતા હોય.

(૬) **ટેક્ષ ભરવાની મુદત :-**

(૧) ગત વર્ષ કે ચાલુ વર્ષ રૂા. ૬૦૦૦૦/- થી વધુ ટેક્ષ ભરેલો હોય તેમણે દરેક મહીના નો ટેક્ષ તે પછીના મહીનાની ૨૨ મી તારીખ સુધીમાં ભરવો પડે.

(૨) જે વેપારીઓને માસીક રીટર્ન ભરવાનું હોય તેમણે પણ મહીનો પૂરો થયા પછી બીજા મહીના ની ૨૨મી તારીખ સુધીમાં ટેક્ષ ભરવો પડે.

(૩) જે વેપારીઓ એ ગત વર્ષમાં કે ચાલુ વર્ષમાં રૂા. ૬૦૦૦૦/- થી ઓછો ટેક્ષ ભરેલો હોય તેમણે ત્રિમાસિક ટેક્ષ ભરવો પડે એટલે ૩૦ મી જૂન, ૩૦મી સપ્ટેમ્બર, ૩૧મી ડીસેમ્બર અને ૩૧મી માર્ચ નો જે તે હપ્તો પુરો થયા પછી ૨૨ દિવસ ની અંદર ટેક્ષનું ચલણ ભરવું પડે.

(૭) **પત્રક ભરવાની મુદત :-**

(૧) જે વેપારીઓને ઇ-ફાઇલીંગ થી રીટર્ન ભરવાનું હોય તેમણે લાગુ પડતો માસીક કે ત્રિમાસીક હપ્તો પૂરો થયા પછી ૬૦ દિવસ ની અંદર ભરવું પડે.

(૨) જે વેપારીઓને ઇ-ફાઇલીંગ થી રીટર્ન ભરવું ફરજિયાત ના હોય અને પેપર રીટર્ન ભરવાનું હોય તેમણે જે તે માસીક હપ્તો કે ત્રિમાસીક હપ્તો પૂરો થયા પછી ૩૦ દિવસની અંદર પેપર રીટર્ન ભરવુ ફરજિયાત છે.

(૮) **સમયસર ટેક્ષ કે પત્રક (રીટર્ન) ના ભરવાના માઠા ફળ :-**

(૧) નિયમ પ્રમાણે પેનલ્ટી ભરવી પડે જે વધુમાં વધુ એક પત્રકમાં રૂા. ૧૦૦૦૦/- છે.

(૨) વેટ કચેરીમાં કમ્પ્યુટર પ્રોગ્રામ ની ગોઠવણી એવી છે કે દંડનું ચલણ રજૂ ના થાય તો પત્રક ભર્યાની પાવતી મળતી નથી. તથા ઇ-ફાઇલીંગ થઇ શકતું નથી.

(૩) ત્રણ હપ્તા થી વધુ સમય નું રીટર્ન ના ભરવાથી વેટ કાયદા હેઠળનો TIN નંબર રદ થાય છે.

(૪) એટલે વેટનું રીટર્ન તથા વેટનું ચલણ મોડું ભરવું આર્થિક રીતે પોસાય નહિં તેવું કામ છે. માટે દરેક વેપારીએ સમયસર ટેક્ષ ભરવો અને સમયસર પત્રક ભરાવવા.

(૯) **માસીક કે ત્રીમાસીક ઇ-રીટર્ન ભરવા માટે આપવાની વિગત :-**

(૧) લેટરપેડમાં કુલ ખરીદી/કુલ વેચાણના આંકડા

(૨) સ્ટોક સ્ટેટમેન્ટ Form 201-C લેટરપેડ ઉપર તથા CD માં અથવા e-mail થી.

(૩) ટેક્ષ ઇન્વોઇસથી કરેલી ખરીદી તથા વેચાણની વિગત CD માં અથવા e-mail થી.

(૪) ભરેલું ટેક્ષનું અસલ ચલણ તથા ૧ ઝેરોક્ષ કોપી.

(૫) આંતરરાજ્ય વેચાણ કરેલું હોય તો તેની વિગત CD માં અથવા e-mail થી.

(૬) આંતરરાજ્ય ખરીદી કરી હોય તો તેની વિગત CD માં અથવા e-mail થી.

(૭) 'F' ફોર્મ કે 'H' ફોર્મ થી ખરીદ-વેચાણ ની વિગત CD માં અથવા e-mail થી.

(૧૦) **વેટ Form 402/403 (તારીખ ૦૧/૦૫/૨૦૧૨ થી ફરજિયાત) :-**

(૧) જીરૂ વરીયાળી, ઇસબગુલ, તેલીબીયા, ખાદ્ય તેલો, લોખંડ, ડી ઓઇલ કેક, બ્રાસ પાર્ટસ, સીરામીક પ્રોડક્ટસ ગુજરાત રાજ્ય બહાર વેચવામાં આવે તો દરેક વેચાણ બીલનું Form 402 ઇ-મેઇલ થી ઓન લાઇન લેવાનું ફરજિયાત કરેલ છે.

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com



(૨) સીમેન્ટ, ચા કોફી, લોખંડ, કોટા સ્ટોન, મારબલ, ગ્રેનાઈટ, તમામ વાહનો પ્લાયવુડ, ફોરમાઈકા, ની ગુજરાત રાજ્ય બહાર થી ખરીદી કરવી હોય તો તે અંગે નું Form 403 ઈ-મેઈલ થી માંગણી કરીને મેળવવાનું ફરજિયાત કરેલ છે.

(૩) એટલે કે દરેક વેપારી એ પોતાની મેળે ઓન લાઈન ફોર્મ-૪૦૩ લેવાનું શીખી લેવું જરૂરી છે. આ માટે કોમ્પ્યુટર જાણતા વેપારીઓએ પોતે કે તેમના એકાઉન્ટન્ટે અમારો રૂબરૂ સંપર્ક કરવો. જેથી સદર ફોર્મ ઓન લાઈન લેવાની પ્રોસીજર શીખવાડી શકાય.

(૪) ઉપર લખ્યા મુજબની ચીજવસ્તુઓ સિવાય ની અન્ય તમામ ચીજવસ્તુઓ માટેના Form 402/403 વેપારી પોતે પ્રીન્ટ કરીને કે બજારમાંથી તૈયાર મેળવીને વાપરી શકે છે.

(૧૧) <u>વેટ ઇ-પેમેન્ટ :-</u>

(૧) જે વેપારીઓએ ગત વર્ષમાં કે ચાલુ વર્ષમાં રૂા. ૧૦ લાખ થી વધુ વેરો ભરેલો હોય તેમણે વેટનું ચલણ ઈ-પેમેન્ટ થી ભરવું ફરજિયાત છે. આ માટે જરૂરી પાસવર્ડ ફેસીલીટી બેંકમાં થી મેળવીને ઈ-પેમેન્ટ કરવું પડે. એકંદરે આ પધ્ધતિ સારી છે કારણ રાતના ૧૨ વાગ્યા સુધીમાં ગમે ત્યારે ઈ-પેમેન્ટ થઇ શકે છે.

(૨) જે વેપારીઓનો વેરો રૂા. ૧૦ લાખથી ઓછો ભરવાનો હોય તેઓ પણ મરજિયાત રીતે ઇ-પેમેન્ટ થી વેટનું ચલણ ભરી શકે છે.

(૧૨) <u>એક્ષપોર્ટ કે આંતરરાજ્ય/જાંગડ વેચાણ ના 'C' - ફોર્મ 'H' ફોર્મ કે 'F' ફોર્મ કચેરીમાં રજુ કરવા અંગે :-</u>

(૧) જે તે હપ્તામાં 'H' - ફોર્મ સામે એક્ષપોર્ટ કે 'H' - ફોર્મ સામે આંતરરાજ્ય વેચાણ કે 'H' - ફોર્મ સામે જાંગડ વેચાણ કરેલું હોય તે હપ્તો પૂરો થયેથી આવા 'H' - ફોર્મ કે 'C' - ફોર્મ કે 'F' - ફોર્મ ત્રણ મહીનાની અંદર વેટ કચેરીમાં લીસ્ટ સાથે રજુ કરવા ફરજિયાત છે.

(૨) એટલે જે વેપારીઓને આ જોગવાઇ લાગુ પડતી હોય તેમણે હપ્તો પૂરો થયેથી ત્રણ માસની અંદર તેમના ખરીદનારાઓ પાસેથી જે તે ફોર્મ મંગાવી લઇ પોતાના લેટરપેડ ઉપર વિગતવાર લીસ્ટ બનાવીને વેટ કચેરીમાં રજૂ કરી પાવતી મેળવી લેવી જોઇએ.

(૧૩) <u>અગત્યની બીજી જોગવાઇઓ :</u>

(૧) જે વેપારીઓને વેટ ઇનપુટની મોટી રકમની ક્રેડીટનું રીફંડ લેવાનું બાકી નીકળતું હોય તે માટે જરૂરી અરજી કરી પ્રોવિઝનલ રીફંડની માંગણી કરી શકાય આ માટે અમારો રૂબરૂ સંપર્ક કરવો.

(૨) એ ખાસ નોંધવું જરૂરી છે કે પ્રોવિઝનલ રીફંડ માટે જેટલી રકમની અરજી કરવામાં આવે તની ઇનપુટ ક્રેડીટ પછીના મહીનામાં માંગી શકાય નહીં.

(૩) વર્ષ દરમ્યાન ધંધાના સ્થળમાં કે બંધારણમાં ફેરફાર થાય કે નવું ગોડાઉન રાખવામાં આવે કે કોઇ ગોડાઉન ખાલી કરવામાં આવે તો તેવી બાબતોની જાણ વેટ કચેરીમાં ૧ માસની અંદર કરવી જરૂરી છે.

(૪) તેવી જ રીતે વર્ષ દરમ્યાન કોઇ બેંકમાં નવું ખાતું ખોલાવવામાં આવે કે ચાલુ કોઇ ખાતું બંધ કરવામાં આવે તો તે અંગેની જાણ ૧૦ દિવસની અંદર વેટ કચેરીમાં કરવી જરૂરી છે.

(૫) એટલે ઉપર પ્રમાણે વર્ષ દરમ્યાન જો કોઇ ફેરફાર થાયતો તુરતજ અમોને જાણ કરવી જેથી સમયસર વેટ કચેરીમાં તે અંગેની જરૂરી અરજી અને પુરાવા રજુ કરી શકાય કારણ આવી ફેરફાર ની જાણ જો મોડી કરવામાં આવે તો દરરોજનો રૂા. ૧૦૦/- લેખે દંડ થાય છે.

(૬) વેટ નંબર મેળવતી વખતે ફોર્મ નં. 101-C માં જેનો સહીનો નમૂનો આપ્યો હોય તે નમૂના પ્રમાણે ની સહી ટેક્ષ ઇન્વોઇસ માં કરવી જરૂરી છે. કારણ સહી મળતી નથી એ મુદ્દા ઉપર

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com
PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com



ઇન્વોઇસની રકમના ૧૦% દંડ થાય છે. અને ખરીદનારને ટેક્ષ ઇન્વોઇસ પ્રમાણેના ટેક્ષની ક્રેડીટ મળે નહિં. એટલે ટેક્ષ ઇન્વોઇસમાં સહી કરવી અને બેંકના ચેકમાં સહી કરવી બંને સરખું છે માટે કાળજી લેવી અને આ રીતે આપેલ સહીના નમૂના માં ફેરફાર કરી શકાય પણ તે માટે નવું ફોર્મ 101-C ભરવું પડે.

(૭) વેટ કાયદા હેઠળ કે CST કાયદા હેઠળ પત્રક મોડા ભરવા માટે રૂા. ૧૦૦/- થી શરૂ કરીને રૂા. ૧૦૦૦૦/- સુધીનો દંડ થઇ શકે છે.

(૮) વેટ રીટર્નમાં વેટની ઇનપુટ ક્રેડીટ ખરીદીના ટેક્ષ ઇન્વોઇસ પ્રમાણે માંગેલી હોય પણ જ્યારે આવી ઇનપુટ ક્રેડીટ નું ક્રોસ વેરીફીકેશન થાય ત્યારે તમે જેની પાસેથી માલ ખરીદ કરેલ હોય તેણે ટેક્ષ ઇન્વોઇસ માં વસૂલ કરેલો ટેક્ષ ભર્યો ના હોય તો ટેક્ષ ક્રેડીટ મળે નહિ અને તે ઉપરાંત આવી ક્રેડીટ ની રકમના ૧૫૦% લેખે દંડ થાય એટલે આપણે જેની પાસેથી ખરીદી કરીએ છીએ તે રેગ્યુલર વેપારી છે. અને રેગ્યુલર વેટ ભરે છે તેની આપણે કાળજી લેવી જરૂરી છે નહિતર આવા બોગસ વેપારીના કારણે આપણે ખોટી રીતે દંડાવાનું થાય.

(૨૮) <u>વ્યવસાય વેરો :-</u>

(૧) વ્યવસાય વેરાનો વહિવટ હવે વેટ કચેરી પાસે નથી પરંતુ જે તે ગામની મ્યુનીસીપાલીટી કે પંચાયત પાસે છે. કારણ વ્યવસાય વેરાની જે આવક થાય તે તેમની આવક છે.

(૨) જે વેપારીઓએ અત્યાર સુધી આ રીતે જે તે મ્યુનીસીપાલીટી કે પંચાયતમાં વ્યવસાય વેરો ના ભર્યો હોય તેમણે ત્યાંથી વ્યવસાય વેરાનું રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ અરજી કરી મેળવી લેવું જરૂરી છે.

(૩) વ્યવસાય વેરા કાયદાની મુખ્ય જોગવાઇઓમાં કોઇ ફેર નથી જે અમારા તા. ૩૧/૦૩/૨૦૧૦ ના સરક્યુલર માં લખ્યા મુજબ છે.

(૨૯) <u>તાજેતરમાં આવેલ બજેટના ચમકારા :-</u>

(૧) ૬૦ વર્ષ સુધીના સ્ત્રી તથા પુરૂષને રૂા. ૨૦૦૦૦૦/- સુધીની આવક ટેક્ષ ફ્રી

(૨) સેવીંગ બેંક એકાઉન્ટનું વ્યાજ રૂા. <u>૧૦૦૦૦/- સુધી ટેક્ષ ફ્રી</u>

(૩) ૬૦ વર્ષ ઉપરના સીનીયર સીટીઝનને જો ધંધાની આવક ન હોય અને ફક્ત વ્યાજની કે ભાડાની કે કેપીટલ ગેઇન ની આવક હોય તો તેમને એડવાન્સ ટેક્ષ ભરવાની જરૂર નથી.

(૪) રૂા. ૧ કરોડ ના ટર્ન ઓવર સુધી ઇન્કમટેક્ષનું ઓડીટ કરાવવાની જરૂર નથી. પરંતુ નેટ નફો ૮% બતાવવો પડે.

(૫) ડોક્ટરો, વકીલો, એન્જીનીયર્સ, વિગેરે પ્રોફેશનલ વ્યક્તિઓને રૂા. ૨૫૦૦૦૦૦/- સુધી ઓડીટ કરાવવાની જરૂર નથી.

(૬) રૂા. ૨૦ લાખ ઉપર ખેતીની જમીન સીવાયની કોઇપણ જમીન કે અન્ય ઇમમુવેબલ પ્રોપર્ટી ની ખરીદી કરવામાં આવે તો ખરીદનારે તેમાંથી TDS કરી પડશે.

(૭) દરેક વ્યક્તિએ ભારત બહાર જો કોઇ મિલકત ખરીદેલ હોય તો તેનું રીટર્ન ભરવાનું રહેશે.

બજેટ સંસદમાં પાસ થયા પછી ફાઇનલ કરેલા સુધારાઓની માહિતી આપશું.

અમે આશા રાખીએ છીએ કે ઉપર પ્રમાણે ઇન્કમટેક્ષ તથા વેટ તથા વ્યવસાય વેરા અંગેની મુખ્ય મુખ્ય બાબતોની છણાવટ અને માર્ગદર્શન આપને ઉપયોગી થાશે. તથા આ અંગે વિશેષ માહિતી માટે જરૂરી સંપર્ક કરવો.

લી.
ધીરૂભાઇ - કનુભાઇ
પીયુષભાઇ - નીખીલભાઇ